
# પંખ

ISSUE 09 | OCTOBER 2016

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન...

*God will never give you anything you can't handle, so don't stress.*
*-Kelly Clarkson*

http://www.facebook.com/pankhemagazine



# સંપાદકની કલમે

By Keyur Dudhat

નવરાત્રીનો તહેવાર વરસાદની મજા સાથે વીતી ગયો. જોતજોતામાં વર્ષ પૂરું થવા આવ્યું છે એની સાથે સાથે જ પંખ મેગેઝીનના આ વિચાર ને પણ એક વર્ષ પૂરું થયું છે. ગયા વર્ષની નવરાત્રીના આજુબાજુ જ આં મેગેઝીન શરુ કરવાનું વિચાર્યું'તું અને આજે અમારી સાથે તમારી જેવા વાચકોનો આટલો વિશાળ પરિવાર છે. એના માટે આપ સૌનો ધન્યવાદ અને આગળ હજી અમારે ઘણા મુકામ સર કરવાના છે. તમારો સાથ આવી રીતે જ બની રહે એવી આશા સાથે આપ સૌને ટીમ પંખ વતી નમસ્કાર...

દેશમાં ચાલતી રાજનીતિ નામની રમત, એ રમતનો દર્શકવર્ગ એટલે યુવાનો જે દરેક બોલ પર નવી Tweet, Post, Share, Like અને Comment રૂપી તાળીઓ પાડ્યા કરે છે. એક વર્ગ એવો છે જે કોઇપણ બાબતને મઝાક બનાવ્યા કરે છે પછી એ દેશના સન્માનની વાત હોય કે પછી કોઈ celebrityની, એ લોકોને બસ નવા નવા Humour બનાવવામાં જ મજા આવે છે. (whatsapp અને Facebookમાં ફરતા ચિત્ર-વિચિત્ર comedy, creativity વાળા જોક્સ, messages માટે એ લોકો નો દિલથી આભાર...) અને બીજો એક એવો વર્ગ છે aggressive જે હમેશા વિદ્રોહ તણી તલવાર કાઢીને તૈયાર જ હોય કોઈક કૈંક બોલે એટલે એને કાપી નાખવા માટે... પણ આ રમત વચ્ચે સામાન્ય લોકો દિવાળીની તૈયારીમાં વ્યસ્ત છે. ત્યારે પંખ મેગેઝીનનો આ નવા અવતાર વાળો અંક આપ સૌને મનોરંજન અવશ્ય પૂરું પાડશે.

મારી આપ સૌને વિનંતી છે કે આપ whatsapp, Facebook, Xender, hike કે કોઈ પણ social media ના માધ્યમથી આ મેગેઝીનને જેટલા પણ લોકો સુધી પહોંચાડી શકો તો આપ પ્રયત્ન કરજો. આનાથી અમારા ઉત્સાહમાં ઉમેરો થશે અને અમે નવી નવી વસ્તુઓ લાવવાનો પ્રયત્ન કરતા રહેશું.

# લપડાક

**By Manori Shah**

બધા સર્જીકલ સ્ટ્રાઈકની વાતો કરે છે તો મને થયું ચલો હું પણ વહેતી ગંગામાં હાથ ધોઈ લઉં. સ્ટ્રાઈક થઇ ગઈ છે. પાકિસ્તાન વાળા માનવા તૈયાર નથી કે થઇ છે. તેઓ એ તો અમુક દેશ-વિદેશના પત્રકારો ને એક પ્લેનમાં બેસાડીને એ બોર્ડેર એરિયા બતાવ્યો પણ ખરો... કે "જુઓ, બધી દુકાનો અને જન-જીવન સામાન્ય છે. ભારતવાળા તો ગપ્પા મારે છે. આ તદ્દન 'Naked' અને 'unprovoked' પગલું હતું અને અમે આ નહિ ચલાવી લઈએ" (પહેલી વાર મને લાગ્યું કે નવાઝ શરીફની સેન્સ ઓફ હ્યુમર ક્યાંક અસ્તિત્વ ધરાવે છે ખરી,બાકી એમનામાં મને કોઈ સારી ક્વોલીટીની આશા નહોતી !!) હા તો એ લોકો માનવા તૈયાર નથી અને અહી આપણે એને રાજકીય રંગે રંગવાનું શરુ કરી દીધું છે. જે દિવસે સ્ટ્રાઈક થઇ એ દિવસે તો ઉછળી ને બધા એ વખાણ કર્યા, પહેલી વાર બધી પાર્ટીઓ એક સુરમાં બોલી (ભલે એક દિવસ માટે પણ ચમત્કાર તો કેહવાય જ!!), સોશિયલ મીડિયા એ પોતાની બધી creativity બતાવા માંડી. અને કેહવાતા બુદ્ધીજીવીઓ ને ચિંતા થઇ કે આ બરાબર છે પણ યુદ્ધ ના થવું જોઈએ. વાત એ પણ સાચી છે. યુદ્ધ થશે તો નુકશાન બંને દેશોનું છે જ. ભારત ભલે ટકી જશે કદાચ જીતી પણ જશે પણ ઈકોનોમી કમ સે કમ ૨૦ વર્ષ પાછળ જતી રેહશે. તો યુદ્ધ તો ક્યાંય optionમાં આવતું જ નથી.

જો કે આજે મારે વાત કરવી છે મીડિયા ના રોલ ની. લોકશાહીનો ચોથો સ્તંભ ગણાતા "પત્રકારત્વ"ની ભૂમિકા આવા નેશનલ ઇસ્યુ માટે કેવી હોવી જોઈએ???... યાદ કરો કે આ સર્જીકલ સ્ટ્રાઈક વખતે ન્યુઝ ચેનલમાં શું જોયું આપણે???... ભારે ભારે ટાઈટલ – "ભારત ને દીયા પાકિસ્તાન કો કરારા જવાબ", "મોદી કા બદલાપુર", "પાકિસ્તાન કો ભારત કા મુહતોડ જવાબ", અને આવું બધું જ ને? આમા મને એક વાતનો ઉલ્લેખ કરવા લાયક લાગે છે કે ભલે બધા ને ખબર છે કે પાકિસ્તાન આંતકવાદ ને support કરે છે, ભલે આપણા પર જે હુમલા થાય છે એમાં પાકિસ્તાન નું backing હોય છે. પણ જયારે આટલું સંવેદનશીલ પગલું હોય જેમાં આખે આખા બે દેશો અને world ના leaders અને UN જેવી સંસ્થાઓ સામેલ હોય કે થવાના હોય ત્યારે એ વાત ને તમે કેવી રીતે દેશ ના સામાન્ય લોકો આગળ રજુ કરો છો એ ખુબ મહત્વ નું બની જાય છે.

હું દેશની સેના પાંખોની અને અત્યારની સરકાર બંને ની ખુબ respect કરું છું. આપણે ખાલી સરહદ ની નજીક માં રહેલા આંતકવાદી કેમ્પ પર હુમલો કર્યો અને એમને ખલાસ કરી નાખ્યા કારણકે એ દુનિયા અને દેશ બંને માટે દુષણ રૂપ હતા. ભલે એ પાકિસ્તાનની જમીન પર હતા, કદાચ એ બીજે ક્યાય હોતા અને એ દેશ કઈ કરતો ના હોતો તો ત્યાં પણ આપણે આવું કોઈ પગલું ભરતા જ. ભલે પાકિસ્તાનની નીતિઓ અને આંતકવાદ ને support બંને આપણને ખબર છે પણ જો આને 'પાકિસ્તાન કો કરારા જવાબ' ની જગ્યા એ 'આંતકવાદ કો કરારા જવાબ' તરીકે બતાવામાં આવ્યું હોતું તો શું થોડો ફરક પડતો? આપણી સેના full dignity સાથે ખાલી એ કેમ્પ પર હુમલો કરી ને કોઈ નિર્દોષ નાગરિક ને હેરાન કર્યા વગર પાછી વળી ગઈ એ બતાવે છે કે આ કોઈ દેશ વિરુદ્ધ કોઈ પગલું હતું જ નહિ. ભલે

તમને કે મને એવું લાગતું હોય કે પાકિસ્તાનમાં પણ એમના લશ્કર ના 5-7 જણા મરી જતા તો ચાલતું, એને જ લાયક છે. પણ આ આપણો અંગત મત છે.

એના પછી સિલસિલો ચાલ્યો પ્રોગ્રામ્સ નો. સ્ટ્રાઈક કેવી રીતે કરી એના એનિમેશન, હંમેશા ફરી રેહતા "નિષ્ણાંતો" ની ચર્ચા અને પેનલ ડિસ્કશન, નેતાઓ ના ઇન્ટરવ્યુ, જે તે પાર્ટી ના કાર્યકરો એ ફટાકડા ફોડી ને કરેલી ઉજવણી ના વિડીયોસ અને ઘણું બધું.

હું માનું છું કે લોકો સુધી વાત પહોંચાડવી એ મીડિયા નું કામ છે. પરંતુ શું ના બતાવવું એ શું બતાવું કરતા વધારે અગત્ય નું હોવું જોઈએ. જયારે જયારે આપણા દેશ પર ધ્રુણાસ્પદ આંતકવાદી હુમલા થયા છે ત્યારે ઘણી વાર આ ચર્ચા નીકળી છે કે શું મીડિયા પોતાનું કામ યોગ્ય રીતે કરી રહી છે? લોહીલુહાણ લોકો ના કે કાળજું કંપાવી નાખે એવા આંક્રદના ફોટો કે વિડીયો બતાવા કરતા, આપણી સરકાર કે સેના ની કામગીરી ના કે વ્યૂહરચના કે હથિયાર અને શક્તિની વાતો કરવા કરતા કોઈ રીતે તેમને મદદરૂપ થઇ શકાય કે દેશ ની જનતા ને મદદ કરનાર ડોક્ટર કે સામાન્ય નાગરિકો ની positive story કે helpline number બતાવો. ઘણી વાર ફોન લાઈન કે મોબાઈલ નેટવર્ક ના મળે તો પોતાની વેબસાઈટ કે સોશિયલ મીડિયા પેજ એક દિવસ જાહેર જનતા માટે ખુલ્લું મૂકી દો કે એ લોકો પોતાના સ્વજન માટે મેસેજ કે એમ મોકલી ને વાત પહોંચાડી શકે. જયારે જયારે આવી રીતે તમે તરત તરત strategy કે એમ ચેનલ પર બતાવ લાગો ત્યારે અમુક વાર એ તમારા જ દેશ વિરુદ્ધ પણ વપરાઈ શકે છે, ફરી વખત હુમલો થાય ત્યારે હોઈ શકે કે અમુક આપણી જ માહિતી થી એ લોકો સજ્જ હોય.

વિદેશી મીડિયા હંમેશા આપણા કરતા વધુ સારું રહ્યું છે એવી ચર્ચાઓ પણ થતી આવે છે. એ વાત સ્વીકારવી રહી કે એમનું કવરેજ આવા સંવેદનશીલ મુદ્દાઓ વખતે થોડું sensible હોય છે. હવે વાત કરીએ સ્ટ્રાઈક પછી ના કવરેજ ની, પાકિસ્તાન એ તો પુરાવા માંગ્યા તે માંગ્યા આપણા કેટલાક નેતાઓ ને પણ સ્વભાવ મુજબ નાક નાખવાનું મન થયું. અમુક વાર આ જે ગાંડા જેવા નિવેદનો કોઈ પણ નેતા મોં ઉઠાઈ ને આપી દે છે ત્યારે મને થાય કે એક વાર ન્યુઝ તરીકે એમને બતાવી દીધા પછી શું છોડી ના દઈ શકીએ? even સોશિયલ મીડિયાને પણ આ લાગુ પડે છે. આવા લોકો ને આપણે શું કામ થોડી ઘણી પણ પબ્લીસીટી આપવામાં ભાગીદાર બનીએ? વળી જેના હાથ માં સત્તા છે એ કરશે જે કરવું હોય એ. જેમના થી electric રેકેટ થી પણ મચ્છર નથી મરાતું એવા લોકો સલાહ સૂચનો આપવા નીકળે છે અને આપણું મીડિયા પુરા એક-એક કલાક ના ચર્ચા માટે ના એપિસોડ કરે છે એમની સાથે... કેમ? ક્યાંક TRP માટે ની રેસ વધુ મહત્વ ની થઇ ગઈ છે. ઓબામા એ ઓસામા ને માર્યો ત્યારે કેટલી અમેરિકન ચેનલ પર લોકો નું આવું celebration બતાવેલું? ક્યાં આવી 10 -10 દિવસ પછી સુધી ચર્ચા ચાલેલી?કોને પુરાવા માંગેલા? અને જેમને માંગેલા એમને આટલું મીડિયા attention મળેલું?

આપણા દેશ માં ભરપુર તાકાત અને તક છે. પણ એક નાગરિક ની સાથે સાથે દેશ ના ખુબ મહત્વ ની સંસ્થાઓ ના મેમ્બર્સ એ પણ પોતાની માટે એક standard સેટ કરવું પડશે. નીતિ,સત્તા , પૈસા અને દેશભક્તિ ની વ્યાખ્યા સમજવી પડશે અને જરૂર પડે નવી રીતે આ બધા શબ્દો ને મીડિયા માટે define કરવા પડશે.

P.S.: ગયા વખત ના આર્ટીકલ માટે ધ્રુવિત વોરા નો email મળ્યો મને. Thank you ધ્રુવિત આપના પ્રતિભાવ માટે. આપ સૌ ના support થી જ અમે આટલું પણ લખી શકીએ છીએ. ભલે આપને આર્ટીકલ પસંદ આવે કે ના આવે, આપનો મત કે કોઈ suggestion હોય તો જણાવો મને manorishah@gmail.com પર.

# પેરિસ્કોપ

By Yagnik Vaghasia

## 'PINK'

આ વર્ષે આવેલ અમુક સરસ ફિલ્મોમાંની અને અમુક ભૂલોને બાદ કરતા પરફેક્ટ કહી શકાય એવી ફિલ્મ. જોઈ લીધી હશે બધાએ. ગમી પણ હશે. ખુબ સરસ મેસેજ છોડીને પૂરી થઇ. અમુક ડાયલોગ્સ તો તાળી પાડવા મજબુર કરે એવા.

"नही में मगर की गुंजाइश है ही नही."

"NO का मतलब NO ही होता है. ना एक शब्द नही है, अपने आप में पूरा एक वाक्य है."

"हमारे यहाँ घड़ी की सुई केरेक्टर डिसाइड करती है."

વગેરે વગરે.... KAHAANI, D-DAY, CITY LIGHTS, AIRLIFT અને MADAARI પછી હવે PINK માં પણ અફલાતૂન કામ આપીને સ્ક્રીપ્ટ અને ડાયલોગ રાઈટર રીતેશ શાહ ફરી એકવાર પોતાને સાબિત કરવામાં સફળ થયો છે.

હવે આવી જઈએ મૂળ મુદ્દા પર. અમિતાભના ભારેખમ ડાયલોગ્સ નીચે દબાઈ ગયેલા પબ્લિક પ્રોસીક્યુટર પીયુષ મિશ્રાને યાદ કરીએ. કોર્ટની હિયરીંગ શરુ થાય છે, ત્યારે પીયુષ મિશ્રા આવા કંઇક ભાવાર્થવાળી વાત રજુ કરે છે કે,

"અમુક કાયદાઓ એટલે બનાવવામાં આવ્યા હતા કે, સમાજમાં મહિલાઓ પર બહુ અત્યાચાર કરવામાં આવતો હતો. અમુક કાયદાઓ નવેસરથી બનાવવામાં આવ્યા, તો અમુક કાયદાઓની જોગવાઈ કડક કરવામાં આવી. જેમ કે બળાત્કાર, દહેજ અને જાતીય સતામણી. પણ છેલ્લા કેટલાક વર્ષોથી આ જ કાયદાઓનો અમુક મહિલાઓ અમુક સારા ઘરના શરીફ પુરુષોને ફસાવવા માટે કે હેરાન કરવા માટે ખોટી રીતે ઉપયોગ કરે છે."

PINK ની અસર હજી તમારા દિલોદિમાગ પર ચડેલી હશે તો તમને આ વાત હાસ્યાસ્પદ લાગશે. ઘણી સ્ત્રીઓ તો એમ પણ કહેશે કે, પુરુષો માટે 'શરીફ' શબ્દ પ્રયોજીને હું શબ્દકોશનું અપમાન કરી રહ્યો છું. ઘણા પુરુષો પણ આમાં સ્ત્રીઓનો જ સાથ આપશે. પુરુષોને લગોલગ આવી જવાની લ્હાયમાં ને લ્હાયમાં અમુક સ્ત્રીઓ અત્યારે 'FEMINIST'નો સાચો મતલબ સમજી શકી નથી.

હું PINK માં છોડવામાં આવેલા મેસેજ સાથે પૂરી રીતે સહમત છું. PARTICULAR આ કિસ્સામાં હું એ ત્રણેય છોકરીઓના પક્ષમાં છું. એટલે મારા પર કોઈ 'હલકી માનસિકતાનો શિકાર'- એવું કોઈ લેબલ ના લગાડતા (લગાડો તો પણ મને કશો વાંધો જ નથી). પણ થોડીવાર માટે ન્યુટ્રલ થઈને વિચારો કે, સમાજ શું છોકરીઓના કેરેક્ટર પર જ આંગળી ચીંધે છે? બની શકે કે છોકરીના કિસ્સામાં આ આંગળી ચીંધવાની ફ્રિકવન્સી વધારે હોય. છે જ. પણ છોકરાઓના કેરેક્ટર પર કોઈ સવાલ ઉઠાવતું જ નથી એમ?!

શું તમે ક્યારેય કોઈને આવા પ્રકારના વાક્ય કોઈના મોઢે સાંભળ્યા જ નથી? કે.....

"ફલાણા ભાઈનો છોકરો સાવ રખડેલ છે. એની જોડે તમારી છોકરીનું ના ગોઠવો. ઘણી છોકરીઓ સાથે રખડી ચુક્યો છે....."

"ઢીંકડા ભાઈનો છોકરો એક નંબરનો લંપટ છે. દારૂ પીને રાત્રે ઘરે મોડો આવે છે."

નથી સાંભળ્યું કંઈ આવું? એટલે એવું સહેજ પણ નથી કે, છોકરીઓ પર જ આંગળીઓ ઉઠે છે.

હવે બીજી વાત. અગાઉ કહ્યું એમ, મહિલાઓની સેફટી માટે જે-જે LAWS બન્યા છે, એનો MISUSE થાય જ છે. પહેલા વાત કરીએ બળાત્કારની. દસેક વર્ષ પહેલા હું




જે એપાર્ટમેન્ટમાં રહેતો, ત્યાં 'પાણી' જેવી નજીવી સમસ્યાને કારણે મોટો ઝઘડો થયેલો. (જોકે હવે તો 'પાણી'ની સમસ્યા નજીવી નથી રહી. આખે આખા રાજ્યો જ બાખડી પડે છે.) એક આંટી (ઉંમર અંદાઝે ૩૫ વર્ષ) કંઇક નળ ખુલ્લો રાખીને ૨ દિવસ માટે બહારગામ ચાલ્યા ગયેલા. જેને કારણે ઉપરના કોમન મેઈન ટાંકામાં પાણી તરત ખાલી થઇ જતું. આંટી જયારે ઘરે પાછા આવ્યા, ત્યારે બધાને આ વાતની ખબર પડી. એક ભાઈએ (ઉંમર ૨૩-૨૫ વર્ષ) આંટીને સારા અને વ્યવસ્થિત શબ્દોમાં જ થોડીક જવાબદારી લેવાનું કીધું, એટલામાં તો એમનો ઈગો હર્ટ થઇ ગયો. ને એમણે જે કર્યું એ તમે વિચારી પણ ના શકો. તેઓ પોતાના કપડા જાતે જ ફાડીને પોલીસ-સ્ટેશને ગયા અને પેલા ભાઈ પર 'બળાત્કારનો પ્રયત્ન'- એવો જૂઠો આરોપ લગાવ્યો! પેલા ભાઈને પાણીના પ્રોબ્લેમને લીધે જેલની હવા ખાવી પડી.

હવે વાત કરું દહેજની. દહેજનો કાયદો આવ્યા પછી નવપરિણીત છોકરીઓની સ્થિતિમાં ઘણો સુધાર આવ્યો છે, I ACCEPT. પણ એનો ગેરફાયદો ઉઠાવવાવાળા પણ પડ્યા જ છે! અમારા એક દુરના સગાના એકના એક છોકરાના નવા નવા લગ્ન થયા. નવી વહુને તો આવતા-વેંત જ સાસુ-સસરાથી અલગ રહેવા જવું હતું. "મમ્મી-પપ્પાથી અલગ રહેવા નહી જઈ શકાય"- એવું ચોખ્ખા શબ્દોમાં એ છોકરાએ પોતાની પત્નીને સંભળાવી દીધું. પેલી રિસાઈને પિયર જતી રહી. આ લોકોને તો એમ કે, એના મમ્મી-પપ્પા સમજાવીને પાછી મૂકી જશે. છોકરી તો પાછી આવી નહી, પણ કોર્ટની નોટીસ આવી. "તમે અમારી છોકરીને દહેજના નામે હેરાન કરો છો". કેસ પાછો ખેંચવાના એ લોકોએ ત્રણ લાખ લીધા અને પછી છૂટાછેડા લેવા માટે ભરણપોષણ અર્થે ૪ લાખ. આવું છે બોલો......

આ બન્ને કેસમાં પુરુષો સાચા હોવા છતાં તેઓ સ્ત્રીઓ વિરુદ્ધ લડી શક્યા નહી. એનું કારણ એક જ છે અને એ છે, કાયદો હોય કે સમાજ, સદીઓથી આપણે સ્ત્રીઓને જ બાપડી-બિચારી ગણી છે! હા. ક્યારેક 'ઐતરાઝ' જેવી ફિલ્મોમાં આવી લંપટ સ્ત્રીઓ વિરુદ્ધ પુરુષોની જીત થાય છે. પણ એ તો ફિલ્મ છે ને..... જેમ 'પિંક' એક ફિલ્મ છે.

**PACK UP :**
રોડ ઉપર ચડ્ડી-ગંજીમાં કોઈ છોકરો નીકળે ને આપણે (મોટેભાગે છોકરીઓ જ) એના ચારિત્ર્યનું અનુમાન કરી લઈએ કે, એ લંપટ, લુખ્ખો, બદમાશ, મવાલી અને ગુંડા ટાઈપ છોકરો છે. તો પછી સ્લીવલેસ ટોપ (ગંજી) અને શોર્ટ્સ (ચડ્ડી)માં કોઈ છોકરી રોડ પર નીકળે ને કોઈ એના ચારિત્ર્ય પર આંગળી કરે, તો એમાં વાંક કોનો ગણવો? બડા કફ્યુંઝાન હૈ સસુરા......

# લ્યો...લખાઈ ગઈ કવિતા

**By Anant Rathod**

એ શોધવામાં એક જણ થાકી ગયેલ છે,
છીંડુ મુકીને વાડ ક્યાં ચાલી ગયેલ છે.

માથે લીધું છે ઘર પ્રતિબિંબોએ આજ તો,
નક્કી અરીસો કૈંક તો બાફી ગયેલ છે.

એવી રીતે લોકો કરે છે મારી છાનબીન,
જાણે કોઈ મારામાં કૈં દાટી ગયેલ છે.

તસવીરને જોતી રહી વરસી ગયેલી આંખ,
તસવીરમાંની એક નદી નાસી ગયેલ છે.



નગર આખું બધી દિશાઓમાં શોધી અને થાકી ગયું છે સૂર્યને,
કોઈ વ્હેલી સવારે પૂર્વમાંથી લઇ અને ચાલી ગયું છે સૂર્યને.

અચાનક ક્યાં ગયા ઝાકળના ટીપાં, સાચવ્યા'તા આપણે જે ફૂલ પર,
હા, નક્કી આપણા બે માંથી કોઈ એક જણ અડકી ગયું છે સૂર્યને.

હવે આ સાંજના અંધારને ક્યાં મૂકશું એ પ્રશ્ન છે ચારે તરફ,
સમીસાંજે જ આવી આપણી વચ્ચે કોઇ મૂકી ગયું છે સૂર્યને.

હવે એ એક જણ બેઠું છે સૂનમૂન આંગણે દિવો જલાવીને 'અનંત',
કરીને બંધ બે આંખો હવે એ એક જણ ભૂલી ગયું છે સૂર્યને.

# નવલકથા-9

**By Dr. Avani Ravi Changhela**



દિવસો વિતતા ફૂલની જેમ ખીલતી વિકસતી તેની ઢીંગલીઓ હવે ત્રણ વર્ષની થઈ ગઈ હતી પણ સમિધ દિવસે ને દિવસે નાનો થતો જતો હતો.

"મારી દીકરીઓ યુનિક બનશે, બિલકુલ તેના ડેડી જેવી જ..તેથી જ તો તેના નામ પણ ડેડીએ ખુબ વિચારીને રાખ્યા, અનેરી અને આનોખી...સ્ટાઈલીસ્ટ એન્ડ સ્ટનીંગ..કોન્ફિડન્ટ એન્ડ સ્કીલફુલ...એ તારી અને પપ્પાની સાથે પેલા બોરિંગ યોગા નહી કરે પણ શોર્ટ્સ પહેરીને જ્યારે જીમના ટ્રેડમિલ પર દોડશે ત્યારે હું તેની જ્યુસની બોટલ અને ટોવેલ પકડીને તેનો બોડીગાર્ડ બનીને ઊભો રહીશ.તે તારું ફિક્કું ઘાસ-પુસ તો ખાશે જ નહી, અને ઘરનું એક પણ કામ નહી શીખે." બંનેને પા પા પગલી ભરાવતો તેની સાથે ચાલતો સમિધ બોલતો.

તો ક્યારેક સમિધ પૂછતો,"આહુતિ, આપણા ઘર પર એક ફ્લોર આપણે બંધાવી લઈએ તો?"

"ના સમિધ, આવડા ઘરને મેનેજ કરવામાં પણ મને તકલીફ પડે છે, હવે મારે કઈ નવું નથી બંધાવવું, આટલું ઓછું છે શું?"

"પણ આહુતિ, આપણે ઘરજમાઈ લાવીશું તો તેને ક્યાં રાખીશું?"

"મારે પણ તમને ઘરજમાઈ તરીકે લઈ જવા હતા, આવ્યા હતા તમે?"

"તારું જે હોય તે, પણ મને ખબર છે કે મારી દીકરીઓ અહીંથી ક્યાય નહી જાય."

*****

સમિધને યાદ કરતા જ તેની આંખોમાંથી પાણી વહેવા લાગ્યા. તેની દીકરીઓ ગાઢ નિંદ્રામાં ઊંઘતી હતી. સામેથી વેદીકાને આવતી જોઇને તેને આંસુ લુંછી નાખ્યા અને બોલી," દીદી તમે અહી રહો, આ લોકો જાગે તો તેમને જમાડી લેજો, હું હવે હોસ્પિટલ જાવ છું"

"હા..તું પણ કઈ જમીને જજે."

વેદીકાની વાત સાંભળતી તે રૂમની બહાર નીકળી અને હળવેક થઈ ડોર બંધ કર્યું. બાદ તે સીડીઓ ચડીને પોતાના બેડરૂમમાં ગઈ.જ્યાં હતી તેની સમિધ સાથેની યાદો જ યાદો. આ યાદોમાંના અમુક સંવાદો તેને પડઘાઈ રહ્યા.

# મારી ભૂલ ને સંતાડવા તું પડદો બને ,
# મને સુધારવા તું પ્રેરણા બને

"સમિધ...પ્લીઝ.છોડોને આ તમારું પોલીટીક્સ, શું જરૂર છે તમને આવા પાવર અને પોઝીશનની જે રાત્રે શાંતિથી ઊંઘવા પણ ના દે. આ ઈલેક્શનના પ્રચાર-પ્રસાર માટે જમવાના અસ્તવ્યસ્ત શીડ્યુલ સાથે કરવી પડતી દોડાદોડી, મીટીંગો તો ક્યારેક ફોન પર મળતી ધમકીઓ. તો ક્યારેક અડધી રાતે કોઈ આપનું ડોર ખડખડાવે છે અને તમારે તે જ ક્ષણે ક્યાંયને ક્યાંય જવું પડે છે.."

"તને ખબર નથી તું કોણ છે, ઇન્ડિયાના યન્ગેસ્ટ એમ.પી. ની પત્ની હોવાનું ગર્વ અનુભવવાને બદલે તું આવું બોલે છે!"

"હું નથી ઓળખતી કોઈ એમ.પી.ને.. હું મારા પતિને જ ઓળખું છું અને આ ઈલેક્શન, તમારી એમ.પી.ની સત્તા, તમારી પાર્ટી, તમારી ઓપોઝીશન પાર્ટી, એ બધું જે કંઈ હોય તે, પણ જો તેના કારણે મારા પતિને કંઈ પણ થશે તો હું કોઈનેય ક્યારેય માફ નહી કરું..એમ.પી. સાહેબ તમને પણ નહી.."

"રીલેક્શ.. આ ટર્મ પૂરી થઈ જવા દે, પછી હું તારી વાત પર વિચારીશ બસ.."

"આ પોલીટીક્સ એ મીઠું ઝેર છે, દિવસે ને દિવસે વધારે ને વધારે લાલચ જગાવે તેવું, જેટલું વહેલું છોડાય તેટલું સારું.."

અને હંમેશાની માફક સમિધ પોતાની પ્રેમભરી ભાષામાં શાંતિથી આહુતીને સમજાવી દેતો.

વોલકલોલ રાત્રીના નવ વાગ્યાનો સમય દર્શાવતી પોતે જ સમય સાથે દોડતી હતી. આહુતીએ સમિધનો કબાટ ખોલ્યો, તેમાંના એક લોકરને ચાવીની મદદથી ખોલ્યું, તેમાંના ઊંડે છેક ખૂણામાં રહેલી એક વસ્તુ બહાર કાઢી અને કબાટ ને લોક કર્યો. આ વસ્તુને તે પોતાના હાથમાં પકડીને તેને પોતાની રક્તરંજિત સાડીના પલ્લુંમાં લપેટીને તેને છુપાવતી તે પોતાના બેડરૂમની સામે આવેલા પૂજાઘરમાં ગઈ. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણની સામે એક દીવો ઝબકતો હતો. તે નીચે પથરાયેલ આસન પર બેઠી. હાથ જોડ્યા વગર તે જ સ્થિતિમાં અકળતાથી કૃષ્ણને ઉદ્દેશીને બોલી.

"કઈ માંગવા નથી આવી પણ તેને પકડારવા આવી છું, 'સત્ય સ્વયં પ્રકાશિત છે, સુરક્ષિત છે, ધર્મનો જ વિજય થાય છે, અધર્મના નાશ માટે હું અવતરું છું,' જેવી વાતો ગીતાજીમાં કહેનાર તું જ છે ને? આજે સમિધની આ હાલત જોતા મને તે વાતો પોકળ અને નિર્થક લાગે છે,ખેર..છોડ આ વાત

યાદ છે તને મેં એક વખત એક રીક્વેસ્ટ કરી હતી, જયારે હું સમિધ સાથે બહાર ગઈ હતી ત્યારે તેને વિરોધપક્ષના ત્રણ માણસોએ મારી સામે સમિધને ખુલ્લેઆમ ધમકી આપતા કહ્યું હતું કે "આવતા ચાર મહિનામાં હું તને જાનથી મારી નાખીશ.." એ સમયે અત્યંત ડરેલી મેં તને તેનું ધ્યાન રાખવા કહ્યું હતું. એ પણ કહ્યું હતું કે "હે ભગવાન! હે કૃષ્ણ!! જો તુ મને જરા પણ લવ કરતો હોય તો પ્લીઝ...એક વાતનું ધ્યાન રાખજે જયારે તને મારા પરિવારમાંથી કોઈનો જીવ લેવાની ઈચ્છા થાય તો પહેલા મારો લેજે.. પણ ના.. તું તો તારી વાંસળીના સુરોમાં એવો ખોવાયેલો છે કે તને આ કઈ સંભળાતું જ નથી .. અરે ગોપીઓ સાથે રાસલીલા કરવામાં મગ્ન એવો તું અધર્મનો નાશ કરવા ક્યારે છેક આવ ,

તે પહેલા જ હું તારું આ કામ કરી નાખું. સાંભળી લે કાન ખોલીને, હું સમિધને જીંદગી થી હરતા નથી જોઈ સકતી, તારી પાસે આવતી કાલના સૂર્યોદય સુધીનો સમય છે, ત્યાં સુધીમાં સમિધ બોલતો-હસતો પૂર્વવત ન થયો તો હું કાંઈ પણ વિચાર્યા વગર પેલા ત્રણ લોકો સહીત અનેકના હૃદયમાં ગોળીઓ ખોસીને લોહી ની નદીઓ વહેવડાવિશ. અંતે તને પણ મારીશ સપરિવાર, જેથી તને પણ મારી સ્થિતિ સમજાય, અનુભવાય, તો તું પણ તૈયાર રહેજે યાદવ આ સ્થિતિ માટે...”

પોતાના પલ્લુંમાં છુપવેલી પીસ્તોલ બતાવતા તે બોલી અને ત્યાંથી ઉભી થઈ, જતા જતા બોલી “હું મારા સમિધને હરવા નહિ દઉં ..ક્યારેય નહિ..એન્ડ યોર ટાઇમ સ્ટાર્ટ નાવ...

આહુતી હોસ્પિટલ પહોચીને એક નાનકડી બેગ યજ્ઞીયભાઈને આપતા બોલી “લો..પપ્પા..આમાં બિસ્કીટ અને તમારી દવાઓ છે, ખાઈ લો,..”અને તરત જ ગન પકડેલો ડાબો હાથ જે પલ્લુંમાં વીંટાડેલ હતો તેને છુપાવતી છુપાવતી તે ICU ના ડોર તરફ આવી. અંદર જવાની મનાઈ હોવાથી તે બહાર કાચમાંથી અંદર રહેલા મશીનોથી ઘેરાયેલા સમિધને જોઈ, બાદ ત્યાંથી ઘણે દુર પાછળની સાઈડ રહેલા ગાર્ડન તરફના પગથીયા પર આવી ત્યાં નીચે બેઠી...અહી કોઈ ન હતું. સિવાય કે સામેની તરફ દેખાતું ખુલ્લું આકાશ અને પોતે.. તે આકાશને તાકતી વિચારી રહી ...

જીંદગી પણ ક્યારેક કેવા વળાંક પર લઈ આવે છે. એક સમય એવો હતો જયારે આખી દુનિયા માટે હું આ એક વ્યક્તિ સામે લડતી ઝગડતી , તેનો જીવ લેવા તત્પર બની હતી. અને આજે આ સમયે એ એક વ્યક્તિ માટે હું આખી દુનિયાને મારી નાખવા તૈયાર છું. પણ તે સમયે તો પોતે કેટલી નાસમજ  હતી, અપરિપક્વ હતી તેની વય અનુસાર.



By Yagnik Vaghasia

# વૃદ્ધાશ્રમ



“અરે શંભુભાઈ.... આ માવજીદાદા અને એમના પત્નીની ફાઈલ કાઢી આપો ને કબાટમાંથી.... એમના દીકરાનો દીકરો એમને લેવા આવ્યો છે.” “બહુ સારું કામ કરી રહ્યા છો મિસ્ટર અનિરુદ્ધ તમે... તમારા મમ્મી-પપ્પા એમને મુકવા આવ્યા ’તા.... ને તમે એમના પૌત્ર હોવા છતાં એમને લઇ જવા માટે આવ્યા છુઓ...!! આઈ એપ્રીસીએટ યુ...” “હું પણ મારા મમ્મી-પપ્પાને તો મુકવા જ આવ્યો છું. બહાર બેસાડ્યા છે. એમને અહીં રાખવાની ફોર્માલીટી પણ જલ્દી પૂરી કરવો પ્લીઝ..... દાદા-દાદીને એમનું નવું ઘર બતાવવા લઇ જવા છે......”

# Catalyst

### By Anant Gohil

**बस यही सोच कर हर तपिश में जलता आया हूँ,**
**धुप कितनी भी तेज हो,**
**समंदर नहीं सुखा करते!**

કોઈકે લખેલું આ વાક્ય ખરેખર ખુબ જ સુંદર અને અર્થપૂર્ણ છે! આજે આપણી આજુબાજુ નજર નાખીએ તો ખબર પડે કે, દુનિયામાં કેટલી બધી નેગેટીવીટી છે, અરે રસ્તા પર વાહન લઈને જતા હોઈએ ને ભૂલથી કોઈ બીજો ઓવરટેક પણ કરી લે ને તો મન માં ને મન માં બે-ચાર શ્લોક કહીને કે મરવાનો થયો છે, વધારામાં જ્યાં કામ કરતા હોય કે જેમની સાથે ઉઠક-બેઠક હોય એમને આ માણસ વિસ્તૃત વિવરણ કરીને આખી વાત કરશે અને ત્યાંથી શરુ કરી એ વાતને છેક ઇન્ડિયા-પાકિસ્તાનના યુદ્ધ સુધી ખેંચી જશે.

આજે જયારે આ આર્ટીકલ લખાય રહ્યો છે ત્યારે "વૈશ્વિક હૃદય દિન" છે! (ભારે છે નહીં!! આઈ મીન **world heart day!**) તો વિચારો કે જેમ-જેમ સમય વીતી રહ્યો છે તેમ-તેમ હૃદયના હુમલા આવી ચુક્યા હોય એવા કેટલા બધા લોકો આપણને મળી જશે! બધાની ફેમેલીમાં કે નજીકના સગામાં કોઈક તો એવું મળી જ રેહશે! હવે જો હાર્ટ-એટેક પાછળના કારણો જોવા જઈએ તો એમાં સ્ટ્રેસ-તણાવ-ચિંતા હાલના સમયમાં મુખ્ય છે! આજથી માત્ર પાંચ કે દશ વર્ષ પૂર્વે હાર્ટ-એટેક એટલે જે ચાલીસી વટાવી ચુક્યા હોય એમાં જ જોવા મળતો પણ આજે આ એટેક ૨૫-૩૦ વર્ષના યુવાનમાં પણ સામાન્ય થઇ ચુક્યો છે! આંકડાકીય માહિતી મુજબ હાલના સમયમાં ભારતમાં ટોટલ ૩૦ મિલિયન એટલે કે ૩ કરોડ લોકોને હાર્ટને લગતી બીમારીઓ છે. હા, એટલે માત્ર ચિંતાને કારણે જ નહીં પણ બેઠાડું-જીવન, ખોરાક, તથા પ્રદુષણ એવા ઘણા બધા પરિબળો આના માટે જવાબદાર છે. પરંતુ આજે કોઈને પણ કંઇક પૂછીશું તો તરત કેહશે," યાર, વાત જવા દે! બહુ જ ટેન્શન છે!"

આપણે આધુનિક તો થયા જ છીએ પણ ધીમે-ધીમે આપણે મજુરી અને કામ વચ્ચેનો ભેદ ભૂલી રહ્યા છીએ! કામ એટલે એ વસ્તુ કે જેમાં માણસ નું મન-એનું દિમાગ જોડાયેલું હોય! જયારે મજુરી એટલે બસ કર્યા કરવાનું-એની પાછળનું લોજીક સમજમાં હોય કે ના હોય પણ, એ કામ પાછળ મંડ્યા રેહવાનું! આપણે કામના કલાકો ઘટાડી દીધા, ઇવન દિવસો પણ! આજકાલ તો "વીકેન્ડ" નો ટ્રેન્ડ ચાલે છે! એટલે પાંચ દિવસ કામ કરવાનું અને બે દિવસ જલસા! અને એ જલસા કેમ કરવા પડે? કેમ કે પાંચ દિવસ સુટ-બુટ પેહરીને એસી ઓફિસમાં "મજુરી" કરી હોય એટલે! એટલે જ તો પેલો રેંચો કહે છે કે એ કામ કરો જેમાં તમારું મન લાગે છે. ભલે પૈસા નહીં મળે કે ઓછા મળશે પણ જે શાંતિ મન ને મળશે એ બીજી કોઈ રીતના નહીં મળી શકે!

આટલી બધી નેગેટીવીટી પછી પણ આપણામાં કંઇક તો એવું છે જે આપણને અહીં-આ વિશ્વમાં ટકાવી રાખે છે, કોઈક એને ભગવાન કહે છે, તો કોઈ અલ્લાહ તો કોઈ વળી જિસસ! જે નાસ્તિક છે, એ એને પોતાની અંદર રહેલી 'શક્તિ' માને છે, પણ અલ્ટીમેટલી આપણે બધા જ સર્વાઇવ કરી જ લિયે છીએ! કેમ કે એ "સર્વાઇવલ ઇન્સ્ટીન્કટ" જ સાબિતી છે કે આપણે હજુ પણ "જીવતા" છીએ!

આફ્ટર-શોક :

દિલ ઉઠી જાય છે જો દુનિયાથી,
હાથ ઉઠતા નથી દુઆ માટે.
કંઇક એ રીતથી ફના થઈયે,
કંઈ ન બાકી રહે ખુદા માટે.
-મરીઝ

# ગુલાબજળ

**By Yagnik Vaghasia**

**"જે અંધ ગણે છે પ્રેમ ને એ આ વાત નહિ જ સમજી શકે,**
**એક સાવ અજાણી આંખ થી પણ અથડાઈ જવાની મજા છે"**

જયારે તને પ્રથમવાર સ્કુલના ગેટ-ટુ-ગેધરમાં તને મનભરીને માણવાનો મોકો મળ્યો ત્યારે તું અન્ય છોકરીઓ સાથે વાતો કરવામાં મશગુલ હતી. જ્યારે તારી આજુબાજુ નું મધમાખીનું વૃંદ ઓછું થયું ત્યારે લાગ જોઈ ને, કોલ્ડ-ડ્રીંકની સીપ લેતા લેતા હું તારી પાસે પહોંચી ગયો અને 'ફના' ના આમીરી અંદાજમાં 'શ્રી આદીલ મન્સૂરી' નો એક શેર તારી ઉપર વરસાવ્યો;

**"પહેલા ક્યાં હતી પવનમાં આટલી મહેક,**
**રસ્તામાં તારી સાથે મુલાકાત થઇ હશે."**

હાઈઈ.. હેતાલી પટેલ

"ઓહ...મનન જોશી!! નાઈસ ટુ મીટ યુ."

"અરે... હજુ પણ તને મારું નામ યાદ છે ?! ગ્રેટ..."

"કેમ ના હોય ? આખરે ક્લાસમાં હંમેશા ફર્સ્ટ આવતો તું... શું કરે છે અત્યારે ??"

"એમ.બી.બી.એસ..... ઇન બી.જે.મેડીકલ કૉલેજ.... ને તું?"

"એમ.બી.બી.એસ જ.... બટ સેલ્ફ ફાઈનાન્સ વી.એસ. માં"

"નાઈસ.."

બસ આવી રીતે જ શરુ થયેલો વાતોનો સિલસિલો આપણા મેરેજ સુધી પહોંચી જશે એવી કલ્પના ના તો તે ત્યારે કરી હશે, ના તો મેં. બસ પછી તો એક બીજા ના કોન્ટેક્ટ નંબરની આપ-લે થઇ અને મેસેજમાં ને કોલમાં વાતોનો પ્રવાહ વધતો ચાલ્યો.

સાચું કહું તો....તું મને પહેલેથી જ ગમતી,પણ હું સામાન્ય મધ્યમ વર્ગીય પરિવારમાં ઉછરેલો ને સ્કોલરશીપના જોરે આગળ આવેલો એક સામાન્ય દેખાવનો છોકરો છું. ને એટલે જ તો મારા ઘરની પરિસ્થિતિ, મમ્મી-પપ્પાના દબાણ અને ભવિષ્યની ચિંતામાં હું આજુબાજુ ના વાતાવરણને અનદેખું કરીને પુસ્તકોમાં જ પોતાનું મોં છુપાવવાનું વધુ પસંદ કરતો, પણ હવે પરિસ્થિતિ બદલાઈ હતી. હવે સારી ડોકટરી-લાઈન પકડાઈ ગઈ હોવાથી ભવિષ્યની ઝાઝી ચિંતા તો નહોતી. ઉપરથી અઢાર વર્ષની રોમાંચક ઉમર ને એમાં પણ તારા જેવી મદહોશ બનાવી દે એવી રૂપમોહિની- એટલે મારું મન પણ થોડું ચલિત થાય એ સ્વાભાવિક જ હતું. હવે તું પાછું એમ કહીશ કે મેં માત્ર તારી સુંદરતાને જ પ્રાધાન્ય આપ્યું છે. પરંતુ હેતાલી.....મેં ક્યારેય તારા દેખાવ કે બાહ્ય સૌન્દર્ય ને લક્ષમાં લીધું નથી.

તને પણ મારો રોમેન્ટિક મિજાજ ગમવા લાગેલો ને માત્ર બે જ મહિનાના ટૂંકા અંતર માં આપને આપણા દિલની પણ આપ-લે કરી લીધી. અન્ય પ્રેમીઓના મિલન આડેના અવરોધો ની જેમ આપણા મિલન વચ્ચે પણ અચૂક અમુક અવરોધો હતા. ને એ અવરોધો નું મૂળ હતા- તારા પપ્પા, શહેરના પ્રખ્યાત બિલ્ડર, શ્રીમાન શાંતિલાલ પટેલ. હું ક્યારેય એને રૂબરૂમાં મળ્યો નહોતો, પણ તારી વાતો ઉપરથી એટલું તો અવશ્ય કહી શકતો હતો કે તેઓ જાતિવાદ ના ચુસ્ત આગ્રહી હતા અને મુજ જેવાના મધ્યમ વર્ગીય પરિવાર માં પોતાની લાડકવાયી એકની એક દીકરી ને ક્યારેય નહિ પરણાવે. આ કડવી હકીકત ને આપણે બંને

आकर्षण तो कहीं भी हो सकता है
पर समर्पण कही-कही होता हैं.."



સારી રીતે સમજતા તો  હતા,પણ સ્વીકારવા તૈયાર નહોતા. ને એ પાછળ નું મુખ્ય કારણ હતું- તારી ઈશ્વર પર ની અતુટ આસ્થા અને પોતાના પરનો અડગ વિશ્વાસ.......જેને હું ક્યારેક 'ઓવર-કોન્ફીડંસ' કહીને બિરદાવતો પણ ખરો.હું જયારે જયારે પણ તને એમ પૂછતો કે,
"હેતાલી....આપણા લગ્ન શક્ય તો બનશે ને?"
ત્યારે હંમેશા તારો એક જ જવાબ રહેતો,
**"મૃગજળ પણ જળ આપશે, તું સરખો તરસ્યો તો થા."**

ભવિષ્ય ની ચિંતા કરવા કરતા વર્તમાનમાં જ મસ્ત રહેવાનું નક્કી કરી,ક્યારેક રજાના દિવસે મેળ પડે ત્યારે આપણે બહાર ફરવા જતા ને સાથે કલાકો ના કલાકો વિતાવતા, અલબત્ત બંને માંથી કોઈ ના ઘરે જાણ ના થાય એ રીતે જ.ને એવી જ એક શિયાળા ની સાંજે આપણી લો ગાર્ડન ખાતે ની મુલાકાતે તારા ગાલ પર ના વાંકડિયા વાળ રૂપી અવરોધો દુર કરી મેં તારા મખમલી ગાલ ઉપર (હક નહોતો છતાય) એક હલકુ-સું ચુંબન કરીને કહેલું,
"હેતાલી..... તારી સુંદરતા જોઇને તો બગીચાના ફૂલો પણ શરમાઈ જાય.... યુ આર વેરી બ્યુટીફુલ માય જાન....."
ને મારા રોમેન્ટિક મૂડની એક જ વાક્ય થી ઝાટકણી કાઢતા તે તરત જ પૂછેલું, "તો તું માત્ર મારી સુંદરતા પાછળ જ દીવાનો છો એમ ને...."
"ના હેતાલી... પ્રેમ કરવા માટે મેં ક્યારેય તારા દેખાવને લક્ષમાં નથી લીધો."
ને 'હશે' એવા એક-શબ્દી ટૂંકા ઉત્તરે એ વાતને ત્યાં જ સમાપ્ત કરી દીધેલી.
આવું ઘણીવાર બનતું. તું મારા પર 'માત્ર સૌન્દર્યપ્રેમી' નો જૂઠો આરોપ લગાવતી ને હું દર વખતે એ આરોપ ને જુઠલાવવા નો નિષ્ફળ પ્રયત્ન કરતો.


इतना कुछ हो रहा है दुनिया में.....
क्या तुम मेरे नहीं हो सकते ?



અંતે આપણી રીલેશનશીપ વિષે ઘરે વાત કરવાનો સમય પણ આવી ગયો. પ્રથમ મેં મારા ઘરે વાત કરી. ‘મારી ખુશી માં જ એમની ખુશી સમાયેલી છે’, એવું કહી ને મારા મમ્મીપપ્પા એ આપણા લગ્નની વાત ઉપર સંમતિની મહોર મારી દીધી. ખાસ તો હવે જોવાનું હતું. તે તારા ઘરે વાત કરી ને તારા પપ્પા એ મને મળ્યા વિના જ, મારી આર્થિક પરિસ્થિતિ અને ‘જોશી’ સરનેમ સાંભળી ને જ મને રીજેક્ટ કરી દીધો. પછી તારી ઈચ્છા ને માન આપીને હું એમને રૂબરૂમાં પણ મળવા આવ્યો, છતાં પણ કંઈ વળ્યું નહી.

એ પછી આપણે પોતપોતાની લાઈફ માં આગળ વધવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આપણી વચ્ચેની રીલેશન શીપ ને ભૂલવામાં મારા કરતા તારે થોડી વધારે વાર લાગી ને એની સીધી અસર પડી- પી.જી. માટેની એન્ટ્રસ એકઝામમાં, મારે થોડો સારો રેન્ક આવવાથી મને અમદાવાદમાં જ મેડીસીન માં એડમીશન મળી ગયું. તું થોડી પાછળ રહી ગઈ છતાં પણ તારી મનગમતી બ્રાંચમાંની જ એક એવી માઈક્રોબાયોલોજી બ્રાંચમાં તને પણ એડમીશન મળી ગયું. ને આપણે પાછા પોતાની મેડીકલ પ્રેક્ટીસ માં બીઝી રેહવા લાગ્યા. અભ્યાસ ના અંતિમ વર્ષે આપણા માટે ‘યોગ્ય પાત્ર’ શોધવાનું કામ પણ શરુ કરી દેવાયુ. ને એ દરમિયાનમાં જ કંઇક એક્સપેરીમેન્ટ કરતા કરતા જ એક્સીડેન્ટલી તારા ચેહરા અને હાથ ઉપર એસીડ ના છાંટા ઉડ્યા. ને એટલા હિસ્સામાંનો તારો ચેહરો અને હાથ બળી ગયા, તેના પર ચાઠાં પડી ગયા. રાજ્યના બેસ્ટ ડર્મેટોલોજીસ્ટ અને કોસ્મેટોલોજીસ્ટને કન્સલ્ટ કરવા છતાં પણ તારા અમીર પિતાજી તારા ચેહરા ની મૂળ રોનક પછી લાવી શક્યા નહિ!

ને જયારે પૈસા એ પરિસ્થિતિ સામે ઓછા પડ્યા ત્યારે ખિન્ન વદને તારા પપ્પા તારા ભવિષ્ય ની ચિંતા માં નિરાશ થઈ ને બેઠા હતા,એવા જ સમયે હું ફરી એક વાર એમની પાસે તારો હાથ માંગવા આવ્યો (અલબત્ત, મારા ઘર ના સભ્યો ના સખ્ત વિરોધ છતાં). તારો બગડી ગયેલો ચેહરો જોઈ ને બીજો કોઈ સારો છોકરો લગ્ન માટે હા નહિ જ પાડે એવા તારા પપ્પાના શાતિર-વ્યવહારુ વિચારના દબાણ નીચે જાતિ ભેદ અને ધર્મભેદ ક્યાંય દબાઈ ગયો ને એમણે આપણા લગ્નની સંમતિ આપી દીધી. પણ આ વાત ની જાણ જયારે તને થઇ ત્યારે તે મને સમજાવવાની કોશિશ કરેલી,







"તું કોઈ બીજી સારી છોકરી શોધી લે મારા માં હવે પેહલા જેવું નુર નથી રહ્યું"
"પણ હું તો માત્ર તને જ પ્રેમ કરું છું હેતાલી……."
ને મારા જ અંદાજ માં મને તે એક શેર મારફતે કહેલું કે,
**"નથી એ વાત કે પહેલા સમાન પ્રીત નથી;**
**મળું હું તમને તો એમાં તમારું હિત નથી."**
પણ તારા મને સમજાવવાના પ્રયત્નો ને નિષ્ફળ બનાવતો હું ત્યાંથી ચાલી નીકળ્યો.
થોડાજ સમય માં આપણા લગ્ન લેવાયા. પ્રથમ રાત્રે જ તારો હાથ મારા હાથ માં લઇ તારા ગાલ પર મેં એક પ્રગાઢ ચુંબન કર્યું. પણ હા……….આ વખતના ચુંબનમાં બે તફાવતો અવશ્ય હતા. એક તો એજ કે આ વખતે મને એ માટેનો પૂરો હક હતો, ને બીજો એ કે પેલા ની જેમ તારો ચેહરો મખમલી ના રહેતા ચાઠાંવાળો થઇ ગયો હતો. પણ એનાથી મને ક્યાં કોઈ ફરક પડે છે!! હું તો તને પહેલેથી જ કહેતો હતો કે,
"મેં ક્યારેય તારો દેખાવ જોઇને તને પ્રેમ નથી કર્યો….."
ને ક્યાંય સુધી આપણે બંને આંખોને ભીંજવતા રહ્યા. અલબત્ત,જુદા જુદા કારણ અને જુદા જુદા ભાવ સાથે. તું મારા પર મુકેલા 'આરોપ'ના અફસોસને લીધે ને હું એ 'આરોપ'ને જુઠલાવવાની ખુશી ના લીધે.

**SHUT-DOWN:**
ઉચ્છવાસે નિશ્વાસે મારી એક જ રટણા હો,
તું મુજમાં તુજ ધામ રચી જા, એ શુભ ઘટના હો.
સુન્દરમ

**( શીર્ષકપંક્તિ : અમૃત 'ઘાયલ' )**

By Rikeen Dhaduk



## TVF pitchers


ફિલ્મ નહીં પણ એક વેબ સિરીઝ. કદાચ ભારતની સૌથી વધુ જોવાયેલી વેબ સિરીઝ. આના માત્ર પાંચ એપિસોડ માં આજકાલ આવતી ચિત્ર-વિચિત્ર ફિલ્મો કરતા વધારે મજા આવશે એ નક્કી.

સ્ટાર્ટ-અપ, ઑન્ટ્રપ્રયોનરશીપ,આઝાદી. આ બધી બલાઓ જેમના લલાટે લખાયેલી છે એવા 9 થી 5 ની નોકરીમાં સલવાઈ ગયેલી અમુક અધરી ખોપડીઓ. આ ખોપડીયોનો આ જેલમાંથી બેલ વગર નીકળવાનો એક પ્રયાસ એટલે TVF pitchers.

કેરેક્ટર્સમાં ચાર મેઈન - નવીન, યોગી, જીતુભાઇ અને મંડલ. મંડલ છેલ્લે ચાલતી ગાડીએ ચડી ગયેલો અને સૌથી મોજીલો માણસ. નવીન અને એની સંગીની શ્રેયાનું મજાનું પ્રેમ પ્રકરણ, મંડલના જાત પરના જોક્સ, જીતુભાઈના બાપા, યોગીની ગાળો, ડનજન માસ્તરના તોફાની ગુંડાઓ, આઈ. આઈ. ટી.ની હોસ્ટેલના ખુબ જ સરસ રૂમ્સ, અને અદભુત એવા વેન-લાઈનર્સ.


સર ઝુકાઓ ઔર કામ કરો.

- Navindas Karamchand Gandhi




સ્ટોરીના પ્લોટમાં જ છે ફ્રસ્ટેશન, અંદરનો બળાપો અને ગુસ્સો એક સાથે બહાર નીકળે. આંતરિક વિખવાદોની આગમાંથી તપીને બહાર નીકળેલા ચાર મિત્રો અને એમનો પ્લાન. વચ્ચેની અનેક અડચણો, માથે રહેલી પારિવારિક જવાબદારીઓ અને મિત્રતાનો સરસ મેળાપ. આ બધુંય ભેળવીને બિશ્વપતિ સરકાર અને અરૂણભ કુમારે લખેલી એવી આ વાર્તા.

નવીન કસ્તુરીયા, અભય મહાજન અને જિતેન્દ્રકુમારની અવ્વલ કક્ષાની એક્ટિંગ. સ્ટોરીબોર્ડ સરસ છે. ઘસાયેલા કન્સેપટ પર પણ સુંદર ટ્રીટમેન્ટ સાથે લખેલો સ્ક્રીનપ્લે. સાથે કર્ણપ્રિય એવું સઁગીત.સિનેમેટોગ્રાફી એવરેજ છે પણ નાના નાના જોક્સ અને ટાઈમિંગના લીધે ચાલુ કર્યા પછી બન્ધ કરવાની ઈચ્છા ના થાય એવું બને.
ત્રણ-ચાર કલાકનો ટાઈમ કાઢીને સો ટકા જોવા જેવી વસ્તુ.
(youtube પર અવેલેબલ છે. લખો - TVF pitchers)






# Love-Tank

By Anant Gohil



“વેઈટર, એક ભીંડીની સબ્ઝી અને સાથે ચપાતી અને હા, ભીંડીનો વઘાર દહીંમાં કરજે હં!” તમારે લોકોને બીજું કંઈ મંગાવવું હોય તો ઓર્ડર આપી દો! અને બધા આશ્ચર્ય સાથે અંશને જોઈ જ રહ્યા!”

ચાર-પાંચ મિત્રોનું રી-યુનિયન અને એ પણ બરાબર અગિયાર વર્ષ અને ૩ મહિના પછી. શહેરના પોશ એરિયામાં આવેલી એક આલીશાન હોટેલ અને સમી સાંજનો માહોલ! જેમ નવરાત્રીમાં રાત જામે અને ગરબાનો થનગનાટ વધે એવી જ રીતે બધા મિત્રો આટલા વર્ષો પછી મળ્યા છે એ માત્ર એમના ખડખડાટ પરથી જ ખબર પડી જાય!

જુના દિવસોને યાદ કરતા બધાએ સૂપની જગ્યાએ ચા મંગાવીને આ ગેટ-ટુગેધરની શરૂઆત કરી. પછી તો સ્ટાટર્સ અને વાતો. સ્વાદની સાથે સાથે યાદોની લિજ્જત એ કદાચ બધા જ સુખો કરતા ચડી જાય. “એ તને ખબર પેલી જાડી હતીને આપણા ક્લાસમાં, બે બવ જબરો પટાયો હો એણે, પોતાની બે કંપની છે અને લાગે છે ભી ઠીક-ઠાક!” “પેલો હર્ષ્યો, બે એને ચા પીતાય ન’તું આવડતું એ મારો હાહરો કૂકિંગ ક્લાસ ચલાવે છે, બોલ!” “મારે જો ને યાર, હમણાથી બજારમાં મંદી ચાલે છે!” “શેરબજારમાં આપણે પેલી કંપનીના લીધા’તા લ્યા, ડૂબી ગ્યા!” ને આવા કંઈ-કેટલાય સંવાદો, સ્ટાટર્સ પુરા થયા ને મેઇન કોર્સનો ટાઈમ થયો.

બધાએ પોતપોતાને ગમતી વાનગીઓ મંગાવાનું શરુ કર્યું, “નીરવ તારા માટે તો ચાઈનીઝ જ બરાબર ને?” “અને આ મહાશય મેઘવ માટે એક પનીર-હાંડી અને ગ્રીન-નાન!” અને આ આમ અલગ-અલગ પણ ખાવાની બાબતમાં એક એવા આભ અને સલિલ માટે ગ્વાલિયર મસાલા ઢોંસા અને હા, સાંભર એક્સ્ટ્રા તીખો જોઇશે હો! અને “વેઈટર, એક ભીંડીની સબ્ઝી અને સાથે ચપાતી અને હા,ચપાતીમાં ઘી થોડું વધારે હં!” અંશની વાત સાંભળીને નીરવ તરત કહે કે,”દોસ્ત, ભલે તારી જેમ અમને તારી ફેવરીટ ડીશ નથી ખબર! પણ જ્યાં સુધી અમને યાદ છે ત્યાં સુધી ભીંડીની સબ્ઝી તો દૂરની વાત છે, એના નામથી પણ તું ચિડાઇ જતો! બરાબર ને સલિલ? “હા, જયારે પણ હું ટીફીનમાં ભીંડી લાવતો ત્યારે સાહેબ બે ગાવ દુર થઈને બેસતા, અને આજે ભીંડી અને રોટી? દોસ્ત નક્કી દાળમાં કંઇક કાળું છે!”




બધાને જોઈ અંશ મંદ-મંદ સ્મિત રેલાવે છે. એનું સ્મિત જોઇને મેઘવથી ના રેહવાયું, એ અંશને કહે,"સાચું કહે, આ બધું શું છે?" બધા મિત્રોના પ્રશ્નાર્થ ચિહ્ન જેવા મોં જોઈ પેલા તો અંશ ખખડીને હસે છે, પછી કહે આના પાછળનું કારણ છે "પ્રેમ!"

"અલ્યા,કંઇક સમજાય એવું બોલને હવે, તે તો બ'વ કરી!" મેઘવની આ વાત સાંભળીને અંશે સહેજ હસીને વાત શરુ કરી,

"તમને બધાને યાદ છે ને કે આરતીને હું કઈ રીતે મળ્યો અને અમે એના ઘરે જોવા ગયા ત્યારે કઈ વાતો કરી ને એ બધું!" આભ કહે," હા ભાઈ, એ બધું અમને ગોખાય ગયું છે હવે કે તમે એના ઘરે ગયા અને એને રેડ કલરની બોર્ડરવાળો ઓફવ્હાઈટ ડ્રેસ પેહર્યો'તો 'ને તમે જોતા વેંત જ એમના પ્રેમમાં પડી ગયા હતા...આગળ કહું કે સમજી ગયો?" "હાહાહા..હા બસ એજ! તો વાત જાણે કે એ છે કે... મને લગ્ન પછીના બીજા દિવસે ખબર પડી કે આરતીની ફેવરીટ ડીશ એટલે ભીંડી! હવે મારે અને ભીંડી ને તો સાત જનમ નું વેર! કરવું શું?"

એટલે મેં રોજ મારી ઓફીસ સામે પેલા નાથુલાલની હોટલ છેને એમાંથી ભીંડીની સબ્ઝી મંગાવવા મંડી અને ઘરે તો આરતીના હાથની એ દહીંમાં સહેજ નરમ રહે એવી રીતે બનાવેલી ભીંડીની સબ્જી તો ખરી જ!...અને આમ ને આમ એના પ્રેમમાં ને પ્રેમમાં ક્યારે મને ભીંડી ભાવવા લાગી એ મને ખુદને જ ખબર ના રહી!

બધા એકીસાથે હસીને કહે," જે અમે ચાર વર્ષ તારી જોડે રહીને ના કરાઈ શક્યા એ ભાભીએ વગર કહે બે દિવસમાં કરાવી દીધું હો! સલામ છે એમને!

બધાની વાતોમાં મોસમ પણ મજા લઇ રહ્યું હતું, હળવો વરસાદ શરુ થઇ ચુક્યો હતો ને આરતીના હાથે ધોવાઈને ફ્રીઝમાં મુકાયેલ એ ભીંડી પણ આછું-આછું મલકાઈ રહી હતી.



# Photo-Story

By Rikeen Dhaduk



ચાલને,
સમયની પાળ તોડીને રિવર્સમાં જઈ આવું .
જરા ખાતરી તો કરું કે એ જે હતો,
એ હું જ છું કે નઈ!

# It's in...

By Manori Shah

દિવાળી અને નવરાત્રી બંને આંગણે આવી ને ઉભા છે. આપણે સંસ્કૃતિ અને vibrant વારસા ની વાતો અનેક વાર કરતા હોઈએ છીએ. અને તહેવારો છે તો આમ કઈક ટ્રેડીશનલ પેહરવું તો બને છે. તો આજે It's In માં હેન્ડલુમ મટીરીયલ માંથી બનેલા, નવા અવતારના ફેશનેબલ ડ્રેસીસ ની સફર કરીએ. અને જ્યાં સુધી હેન્ડલૂમ ની વાત છે,કુર્તા તો બોયસ માટે પણ બહુ જ સુંદર બને છે.so guys એક વાર આર્ટીકલ પર નજર નાખી લેજો.

પેહલા all my dear ladies.. હેન્ડલુમ સાડી તો અલગ દેખાતી જ આવી છે અને હજી પણ તમને અલગ પાડશે, પણ હવે કુર્તી,ટોપ્સ,ટ્યુંનીક્સ ખુબ મન-ભાવન styles માં અવેલેબલ છે. even વન-પીસ અને મેક્ષી પણ ખુબ સુંદર અને classy મળી જાય છે.

ગુજરાત જેવા ગરમ રાજ્ય માં આ હેન્ડલૂમ dresses તમને એકદમ stylish અને cool અને કમ્ફર્ટેબલનું આખું પેકેજ પૂરું પાડે છે. બ્લોક પ્રિન્ટ અને ઇકત વર્ક ના આ pieces જુઓ...






આખા નવા dresses ના લેવા હોય તો સિમ્પલ shirts કે કુર્તા ને તમે સ્ટોલ નાખી ને કે હેન્ડલૂમ પ્રિન્ટ કે મટીરીયલ વાળા પ્લાઝો કે ધોતી પેહરી ને પણ નવું રૂપ આપી શકો છો.અમુક ઉદાહરણો...






તમારા મમ્મી કે દાદી ની જૂની સિલ્ક કે હેન્ડલૂમ સાડી નો તમે તમારા ટોપ બનાવામાં પણ ઉપયોગ કરી શકો છો.જો ટોપ કે એમ ના બનાવવું હોય તો કોટી કે cover-up બનાવી ને સિમ્પલ કુર્તી પર પેહરી ને એને નવો લૂક આપી શકો છો.જોઈ લો કેટલાક ખુબ સિમ્પલ designs જે કોઈ પણ દરજી કદાચ બનાવી શકે. બુટીક સુધી જવાની પણ જરૂર નહિ પડે.






Boys.. થોડી રાહ જોવી પડી હશે પણ હવે વાત કરીએ તમારા માટે available ઓપ્શન્સની. તમારા માટે પણ ખાલી કુર્તા નથી. શોર્ટ, શર્ટ જેવા દેખાતા કુર્તા અને ખાદી તથા hand-woven કોટન ના shirts પણ બજાર માં મળે જ છે.ચાલો એક નજર મારીએ.આ બધા સાથે ‘મોદી-કુર્તા’ અને કોટી તો સદા બહાર છે જ.






















P.S. : આમાં અમુક ડીઝાઇન ફેશન વીક અને મોટા designers ના collection માંથી લીધેલી છે જે માત્ર આપણા રેફરન્સ માટે છે. મારી નમ્ર વિનંતી છે કે કોઈ નોર્મલ ગ્રામ્ય ઉદ્યોગ કે કારીગર પાસે થી હેન્ડલૂમ કાપડ લઇ ને આપ પોતાની મરજી મુજબ dresses બનાવડાવો. આના લીધે કિંમત માં પણ બચત થશે અને જે બે –ત્રણ વ્યક્તિ ને કઈક રોજગારી માં મદદરૂપ થઇ શકીશું. “Make in India” માટે કોઈ મોટી ફેક્ટરી ચાલુ કરવાની કે નવા નવા બીઝનેસ સ્થાપવાની જરૂર નથી. નાની નાની રીતે આપણે સૌ યોગદાન આપી શકીએ છીએ. તમારા કોઈ suggestions કે કાપડ લીધા પછી design માં કોઈ મદદ જોઈતી હોય તો મને જણાવો manorishah@gmail.com પર(P.S. in P.S.: હું કોઈ મોટી designer નથી પણ મારા થી બનતી મદદ જરૂર કરીશ, may be કોઈ આઈડિયા આપને ગમી જાય!!)

# કકળાટનો કરિયાવર

By Rikeen Dhaduk

આલબર્ટ આઈન્સ્ટાઈનની રિલેટીવિટીની થિયરી વિષે સાંભળ્યું જ હશે. એના મુજબ દુનિયાનું સત્ય એક થી બીજી જગ્યા એ જતા બદલાય છે. કોઈનું સત્ય કોઈ માટે મિથ્યા હોઈ શકે કારણ કે દ્રષ્ટિ બદલાતા દ્રશ્ય પણ બદલાય છે. ઉદાહરણ તરીકે - ટ્રેનમાં બેસીને વિરુદ્ધ દિશામાં જતી ટ્રેનની ઘટના. એક ટ્રેન બંધ હોવા છતાં બંને ટ્રેનના મુસાફરોને બન્ને ટ્રેન ચાલતી હોવાનો આભાસ થાય.

એક્શન-રિએક્શન. અહીંયા બનતી દરેક ઘટના એ કોઈક ઘટનાનું રિએક્શન છે. આ રિએક્શન પર આપણે એક્ટ કરીયે છીએ જેનું ફરીથી કોઈ રિએક્શન છે. ઉદાહરણ તરીકે - તમે નાસ્તો કર્યો કેમકે ભૂખ લાગી હતી, ભૂખ લાગી કેમકે ખાધું નહોતું.

આ બે બાબતોનો ટૂંક સાર એ કે દરેક ઘટના બીજાથી સંકલિત છે અને કોઈ સત્ય ક્યારેય પૂર્ણ સત્ય નથી.હવે આજના વિષય પર મૂળ વાત,

આ દુનિયા તમને ડિપ્રેસ કરવા માટે સ્પેશિયલી ડિઝાઇન થયેલી છે કેમકે તમારી ખુશી દુનિયાના અર્થતંત્ર માટે બરાબર નથી. જો તમે તમારી રોટલી-ભાખરીથી ખુશ છો તો પિત્ઝા ખાવા થોડા જવાના?

તમે કોઈને સ્કિન મોઇશ્ચરાઇઝર કેમનું વેચશો?
તેમને ઉમર વિષે ચિંતિત કરીને.
કોઈ પાર્ટી માટે વોટ કેમનો માંગશો?
તેમને વિઝા માટે ચિંતિત કરીને.
કોઈને નવો ફોન કેમનો વેચશો?
કોઈ બીજાને વધુ સારો ફોન આપીને.
કોઈને ઇન્સ્યોરન્સ કેમનો વેચશો?
તેમના દરેક નાના-નાના ડરને પોષીને.
કોઈને કોઈ ટીવી શો કેમનો બતાવશો?
તેમને એક એપિસોડ છૂટી જવાની બીક બતાવીને.

આજકાલ શાંતિ મેળવવી એક ક્રાંતિકારી કાર્ય થઇ ગયું છે.આપણા પોતાના જરી-પુરાણા વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને ખુશ રહેવું આ લોકો એ મુશ્કેલ કરી દીધું છે. વુલ્ફ ઓફ થઈ વોલસ્ટ્રીટમાં મેથ્યુભાઈ કહે છે તેમ, શેર બ્રોકર્સ તમને શેર્સ વેચે છે અને તમે કાગળિયા પર અમીર થતા જાઓ છો. હવે તમારા હાથમાં આ પૈસા આવતા નથી કેમકે તમને હવે વધારે અમીર થવાની ભૂખ છે. એટલે તમે એ જ કમાયેલા પૈસાથી નવા શેર્સ લો છો. આની પાછળ એક બદલાની મનોવૃત્તિ પણ કામ કરે છે કે વધારે મળ્યા તો હજુ વધારે ને ઓછા મળ્યા તો તો ડબલ કરવા જ પડે. અને આ ચકડોળ ચાલ્યા કરે છે.

અહીંયા તમારું સત્ય એ છે કે તમે અમીર છો અને બ્રોકરનું સત્ય એ છે કે તમે બેવકૂફ છો(કેમકે એ જ બ્રોકર કમિશનથી રોજ રોકડા ઘરભેગા કરતો હોય છે)!

जब जब लोग परेशां हो जाते हैं
काफी हद तक इंसां हो जाते हैं





ચિંતા પણ ડિટ્ટો આવી જ છે જે સરખામણીથી ઉદભવે છે.તમારી ચિંતા કોઈની અમીરી હોઈ શકે. તમને કારનો મોહ છે અને કોઈને તમારી બાઈક જોઈને મોઢામાં પાણી આવતું હશે.

**Not necessity, not desire - no, the love of power is the demon of men. Let them have everything - health, food, a place to live, entertainment - they are and remain unhappy and low-spirited: for the demon waits and waits and will be satisfied.**

**- Friedrich Nietzsche**

# ખુલ્લા દ્વાર

By Anonymous



Yes I don't know,
In which direction I'm going
No one can
Understand me
But some one can only
Explain myself
I'm sure that
Whenever I felt hurt
My friends will remove the dust
Whenever I don't found the way
My love will saw me the way
Whenever I'm upset
There is someone to setup my mind
Yes, I don't know
What is my own path

## તમારી કૃતિ પણ તમે અમને મોકલી શકો છો

**E-mail – pankhemagazine@gmail.com**

# બોલો બીજું...!!!

By Keyur Dudhat




## શું મને મારી મહેનત મુજબનું ફળ મળ્યું છે???...

મારે તો ૯૦% આવવા જોઈતા'તા... હું તો નાપાસ થઇ જ ના શકું... એ project તો મને જ મળવો જોઈતો'તો... મારું promotion એ લઇ ગઈ... આના પર તો મારો હક હતો... બે ચાર મને કેમ ત્યાં admission ના મળ્યું... હું તો interviewમાં pass થવો જ જોઈતો'તો... મને તો એ હા પાડવી જ જોઈએ... મારી પાસે કેમ કાર નથી... મારી સાથે જ કેમ આવું થાય છે... બધા problem મને જ નડે છે...

આવી અસંખ્ય ફરિયાદો આપના રોજીંદા જીવનમાં આપણે ભગવાનને અથવા તો ખુદ પોતાને કર્યા કરીએ છીએ. કોઈકવાર બોલીને તો કોઈક વાર અંદરો અંદર જ આવા પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. ટૂંકમાં, અસંતોષની લાગણી દરેકને ક્યારેક તો થઇ જ હોય. પછી એ કોઇપણ બાબત હોય – ઘર,ઓફીસ, જોબ, પૈસા, સંબંધો, કોલેજ, મિત્રો... હકીકતમાં આપણે લોભ, લાલચ અને મોજશોખથી ઘેરાયેલા છીએ એટલે અસંતોષ આપણા પર ૨૪ કલાક હાવી થયેલો હોય છે. દેખાદેખી ના આ જમાનામાં કઈ પણ નવું કરતા પહેલા બીજો શું વિચારશે એ પ્રશ્ન ઉદભવે છે...

પણ હકીકતમાં જોવા જઈએ તો સરવાળે આપણને આપણી મહેનત મુજબનું જ મળે છે. આપણે વિચારોનું, પૈસાનું કે સંબંધોનું જેવું વાવેતર કર્યું હોય એવો એનો પાક થાય. જો બધે બાવળિયા જ વાવિયા હોય તો જરૂર પડે આપણી મદદે કોઈ ના જ આવે. શાંતિ રાખવી, સ્વીકારતા શીખવુ, સહન કરતા શીખવું – કોઈકે કહ્યું છે એમ 'સમય કરતા પહેલા અને નસીબ કરતા વધારે આપણને કઈ જ મળવાનું નથી'.

# Knowtamin

**You can't read while dreaming, or tell the time**

**You would associate sleeping with peace and quiet, but actually our brains are more active during sleep than during the day.**

**Our animal companions dream as well. Watch a dog or a cat sleep and you can see that they are moving their paws and making noises like they were chasing something. Go get 'em Buddy!**

**Many people claim that they don't dream at all, but that's not true: we all dream, but up to 60% of people don't remember their dreams at all.**

**It is proven that in dreams we can only see faces that we have seen in real life before. So beware: that scary-looking old lady next to you on the bus might as well be in your next nightmare.**

**Surprisingly, dreams are more often negative than positive. The three most widely reported emotions felt during dreaming are anger, sadness and fear.**

**As much as 12% of people only dream in black and white.**

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

09714872871

https://twitter.com/pankh_emagazine


## TEAM

Keyur Dudhat
Yagnik Vaghasia
Rikeen Dhaduk
Manori Shah
Anant Gohil
Bhagyesh Patel

## Our Special thanks to

Dr. Avni Ravi Changela
(નવલકથા)

Anant Rathod
(Poem)

Anonymous
(ખુલ્લા દ્વાર)